GJBN020158122021

રજુ તારીખ : ૨૧/૦૯/૨૦૨૧
રજીસ્ટ્રરે લીધા તારીખ : ૨૧/૦૯/૨૦૨૧
દાવો ફેસલ તારીખ : ૧૮/૦૪/૨૦૨૬

| અવધિ : | વર્ષ : | માસ : | દિવસ |
|---|---|---|---|
| | : | : | |

## ભાવનગરના મે.પ્રિન્સીપાલ સિનીયર સિવિલ જજ, સાહેબની કોર્ટમાં,ભાવનગર.

**રે.દિ.મુ.નં.૧૧૩૩/૨૦૨૧**

**આંક : ૨૫**

**વાદી :–** કમલેશભાઇ બટુકભાઇ કામ્બડ,
ઉ.વ.૭૦, ધંધો–મજુરી, ધર્મે–હિન્દુ,
રહે.યોગીરાજ ફ્લેટની બાજુમા,
વડવા પાનવાડી રોડ, ભાવનગર.

**વિરુદ્ધ**

**પ્રતિવાદી :–** **જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી**
ભાવનગર મહાનગર પાલીકા,ભાવનગર.

**દાવો ::** **દાવો રૂ.૩૦૦/– ના આંકથી ગુમ થયેલ વ્યકિતને મૃત જાહેર કરવાનુ વિજ્ઞાપન કરી આપવા બાબતે.**

**વાદી તરફે : વિ.વ.શ્રી.આર.એચ.ગોહીલ.**
**પ્રતિવાદી તરફે : વિ.એ.જી.પી.શ્રી./પ્રતિવાદી જાતે.**

## –: <u>જજમેન્ટ</u> :–

૧. વાદીના દાવાની ટૂંકમા હકીકત એવી છે કે, વાદી ભાવનગરના વડવાના રહેવાસી છે વાદીના પિતાશ્રી કુલ પ ભાઇ–બહેનો હતા જેમા તેઓ વાદીના પિતા સ્વ.બટુકભાઇ મોહનભાઇ કામ્બડ તા.૧૧–૧૧–૨૦૧૬ ના રોજ અવસાન પામેલ છે, વાદીના કાકા સ્વ.ભુપતભાઇ મોહનભાઇ કામ્બડ તા.૨૭–૦૫–૨૦૦૨ ના રોજ અવસાન પામેલ છે, તથા વાદીના અન્ય કાકા ગુમ થનાર અરવિંદભાઇ મોહનભાઇ કામ્બડ તથા બે ફઇ ભારતીબેન તથા ભાવુબેન તેમ પ ભાઇ–બહેનો હતા તે સીવાય અન્ય કોઇ વારસદારો નથી જે જાહેર કરેલ છે. જે પૈકી તેઓ વાદીના કાકા અરવીંદભાઇ મોહનભાઇ કામ્બડ તા.૧૧–૦૫–૨૦૧૦ ના રોજ વડવા, પાનવાડી રોડ, ભાવનગરથી ગુમ થયેલ છે જેના વારસોમા તેઓના એકમાત્ર પુત્રી કાજલબેન અરવિંદભાઇ તે પ્રવિણભાઇ વાધેલાના પત્ની છે.

વાદીના કાકા અરવિંદભાઇ મોહનભાઇ કામ્બડ મજુરીકામ કરતા હતા અને શહેર ભાવનગર ખાતે વડવા પાનવાડી રોડ વિસ્તારમાં તેઓ વાદી તથા તેમના પિતાશ્રી સાથે રહેતા હતા અને તેઓ ધુની અને અસ્થીર મગજના હોય અને જો મજુરીકામ મળે તો જતા અથવા તો ઘર પાસે બેઠા રહેતા હતા અને અવાર નવાર ઘરેથી કીધા વગર ચાલ્યા જતા હતા અને સવારથી સાંજ સુધીમાં આવી જતા હતા અથવા તો બીજા દીવસે પણ આવી જતા હતા અને આવી રીતે બે–ત્રણ વખત બનેલ હતુ અને છેલ્લે તા.૧૧–૦૫–૨૦૧૦ ના રોજ સવાર ૭–૦૦ કલાકે બહાર આટો મારીને આવે છે તેમ કહી ઘરેથી નીકળેલ પરંતુ મોડી

રાત સુધી પરત નહી આવતા તેઓએ વડવા વિસ્તારમાં તેમજ આજુબાજુના વિસ્તારમાં તેઓને શોધવા માટે પ્રયત્ન કરેલ અને તપાસ કરાવેલ પરંતુ ભાળ મળેલ નહી અને ત્યારબાદ ૧૫–૨૦ દિવસ સુધી ભાવનગર તાલુકાના આજુબાજુના ગામડાઓમા તેઓના સગા સબંધી રહેતા હોય અને જે જગ્યાએ જઇ શકે તેવી તેઓને શંકા હોય તે તમામ જગ્યાએ તેઓએ તપાસ કરાવેલ અને બહારગામ રહેતા સગા સબંધીઓના ઘરે તપાસ કરેલ તેમજ ફોનથી તેમજ રૂબરૂ તપાસ કરેલ તેમજ આશ્રમમાં પણ તપાસ કરેલ પરંતુ કોઇ ભાળ નહી મળતા તેઓ વાદીના પિતાશ્રી ગુજ.બટુકભાઇ મોહનભાઇ કામ્બડ ધ્વારા સ્થાનીક એ–ડીવીઝન(નીલમબાગ) પોલીસ સ્ટેશનમા તા.૩૧–૦૫–૨૦૧૦ ના રોજ ગુમ થયા અંગેની ફરીયાદ કરેલ જે ફરીયાદ એ–ડીવીઝન પોલીસ સ્ટેશન ગુમ રજી.નં.૧૦/૨૦૧૦ થી રજીસ્ટરે લેવામા આવેલ જે ફોર્મ રજુ છે તેમજ તેમના પિતાએ કરેલ ફરીયાદ માર્ક–૪/૨ થી રજુ રાખેલ છે અને ત્યારબાદ ભાવનગર જીલ્લા પોલીસ અધિક્ષક ધ્વારા દુરદર્શન કેન્દ્ર અમદાવાદ ખાતે ગુમ થયેલ વ્યકિતની માહિતી પ્રસારીત કરવા બાબતે જે પત્ર લખેલ તે રજુ રાખેલ છે તેમજ તેઓ વાદી ધ્વારા પણ સ્થાનીક દૈનીકપત્રમા ગુમ થયા અંગેની જાહેર પ્રસીધ્ધી કરાવેલ છે અને તેઓના કાકા અરવીંદભાઇ મોહનભાઇ કામ્બડ ગુમ થયા બાદથી આજદિન સુધી તેઓ વાદીએ તેમજ પોલીસ ડીપાર્ટમેન્ટ ધ્વારા પણ દરેક જગ્યાએ શોધવા માટે પુરતા પ્રયત્ન કરેલ છે તેમ છતા કોઇ ભાળ કે પતો મળેલ નથી.

**૧.૧.** વાદીનું વધુમાં કથન છે કે, એવીડન્સ એકટની કલમ–૧૦૭ અને

૧૦૮ મા લખેલ જોગવાઈ મુજબ જો કોઈ વ્યકિત લાપતા હોય અને તે ૭ કે વધુ વર્ષ થતા હોય છતા હૈયાત ન હોય કે મળી આવેલ ન હોય તેનુ હૈયાત નથી તેવુ માનવાને કારણ છે આ ઉપરાંત મોહનભાઈ શામજીભાઈ કામ્બડની માલીકીની ખેતીલાયક જમીનો ભાવનગર જીલ્લાના ભાવનગર તાલુકાના ભુતેશ્વર ખાતે ખાતાનં.૫૬ થી નોંધાયેલ રેવન્યુ સર્વે નં.૨૫ પૈકી ૩ તથા ૨૬/૧ પૈકી ૨ થી આવેલ છે અને જે જમીનમાં હાલ વારસાઈ દાખલ કરાવવાની હોય આથી રેવન્યુ અધિકારી સમક્ષ અરજ અહેવાલ કરવા તેમજ અન્ય સરકારી અર્ધસરકારી કચેરીમાં તેઓના મરણના દાખલાની જરૂરીયાત ઉપસ્થીત થયેલ હોય આથી ગુમ થનાર અરવિંદભાઈ મોહનભાઈ કામ્બડ મૃત્યુ/અવસાન પામેલ છે તેમ માની મૃત જાહેર કરવા બાબતે વિજ્ઞાપન મેળવવા હાલનો દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે.

**૧.૨.** વાદીનુ વધુમાં કથન છે કે, વાદીના કાકા તા.૧૧-૦૫-૨૦૧૦ ના રોજ ગુમ થયા બાદથી આજદિન સુધી પરત આવેલ નથી કે ૧૧ વર્ષના સમય દરમ્યાન કોઈએ તેને જોયેલ હોય તેમ પણ બનેલ નથી કે તેઓ હયાત હોય તેવો કોઈપણ પુરાવો મળી આવેલ નથી તેમજ પોલીસ તપાસ દરમ્યાન પણ તેઓ મળી આવેલ નથી અને પુરાવા અધિનિયમ મુજબ તેઓ અવસાન પામેલ હોય તેમ માનવાને કારણ છે આથી ગુમ થયા બાદ ૧૧ વર્ષ સુધી મળી આવેલ ન હોય માંગ્યા મુજબની દાદ મેળવવા વાદી હકકદાર હોય તેથી તેઓએ નામદાર કોર્ટ સમક્ષ તેઓના કાકાને મૃત જાહેર કરવા સીવીલ ડેથ અંગેનો હુકમ અને હુકમનામુ મેળવવા અરજ વિનંતી કરેલ છે.

૨. વાદીનો હાલનો દાવો દાખલ થતા દાવાના સમન્સની બજવણી પ્રતિવાદીને થતા પ્રતિવાદી તેઓના વિ.એ.જી.પી.શ્રી મારફતે જાતે હાજર થયેલ અને વાદીના દાવા અરજી વિરૂધ્ધ આંક–૦૬ થી તા.૧૨–૦૭–૨૦૨૩ ના રોજ જવાબ રજુ રાખેલ છે.

**<u>પ્રતિવાદીના જવાબની ટૂંકમા હકીકત</u>** :–

**૨.૧.** પ્રતિવાદી ભાવનગર મહાનગર પાલીકાના જન્મ–મરણ નોંધણી અધિકારીએ જવાબમાં જણાવેલ છે કે, આ કામના વાદી નં–૧ ના કાકાશ્રી અરવિંદભાઇ મોહનભાઇ કામ્બડ તા.૧૧–૫–૨૦૧૦ ના રોજ વડવા પાનવાડીથી ગુમ થયેલ હોય અને દાવા અરજીની વિગતે આજદિન સુધી પરત આવેલ નથી આમ વાદીના વડીલ પુરુષ મરણ પામેલ હોવાનુ કોઈપણ જગ્યાએ જાહેર થયેલ નથી. તેઓ પ્રતિવાદીની કચેરી ધ્વારા જન્મ અને મરણ નોંધણી કરવામા આવતી હોય છે અને મૃત્યુ પામેલ વ્યકિતના સગા સબંધી અથવા સ્મશાન ગૃહ ધ્વારા તેઓને માહિતી પુરી પાડવામા આવે તે મુજબ મરણની નોંધણી કરવામા આવે છે પરંતુ દાવાની વિગત અરવીંદભાઇ મોહનભાઈ કામ્બડ મરણ પામેલ હોય તેવુ જાહેર થયેલ નથી. આથી તેમની કચેરી ધ્વારા આ અંગે કોઇ નોંધણી કરવામા આવેલ હોય નહી કે જેના આધારે જાહેર કરેલ છે. તેમજ વાદી ધ્વારા તેઓ પ્રતિવાદી વિરૂધ્ધ કોઈ દાદ પણ માંગવામા આવેલ ન હોય નામદાર કોર્ટમાંથી જે કોઇ હુકમ કરવામા આવે તેના આધારે તેઓને નોંધણી કરવાની થતી હોય કાયદાની જોગવાઇ મુજબ જે કોઇ કાર્યવાહી કરવામા આવે તે બાબતે તેઓને કોઇ તકરાર નથી.

૩. વાદીએ દાવા અરજીની હકીકતના સમર્થનમા નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**૩.૧. મૌખિક પુરાવો :-**

| આંક | મૌખિક પુરાવો | તારીખ |
|---|---|---|
| ૦૯ | વાદી કમલેશભાઇ બટુકભાઇ કામ્બડનુ સોગંદપરનો પુરાવો | ૦૯-૦૪-૨૪ |

**૩.૨. દસ્તાવેજી પુરાવો:-**

| આંક | દસ્તાવેજી પુરાવો | તારીખ |
|---|---|---|
| ૧૧ | ગુમ રજી.નં.૧૦/૨૦૧૦ થી ભરવામા આવેલ ફોર્મની નકલ | ૩૧-૦૫-૧૦ |
| ૧૨ | ફરીયાદની નકલ | ૩૧-૦૫-૧૦ |
| ૧૩ | જીલ્લા પોલીસ અધિ.ભાવનગરના ધ્વારા દુરદર્શન કેન્દ્ર અમદાવાદ ખાતે ગુમ થનારનો ફોટો અને માહિતી પ્રસારીત થવા બાબતે મોકલવામા આવેલ પત્રની નકલ | ૦૪-૦૬-૧૦ |
| ૧૪ | વાદીના પિતા ધ્વારા સ્થાનીક દૈનીકપત્રમા ગુમ થયા અંગે કરાવેલ જાહેર પ્રસીધ્ધી | -- |
| ૧૫ | બટુકભાઇ મોહનભાઇ કામ્બડના મરણના પ્રમાણપત્રની નકલ | ૧૧-૧૧-૧૬ |
| ૧૬ | બાધુબેન મોહનભાઇ કામ્બડના મરણના પ્રમાણપત્રની નકલ | ૧૧-૦૪-૨૧ |
| ૧૭ | ભુપતભાઇ મોહનભાઇ કામ્બડના મરણના પ્રમાણપત્રની નકલ | ૨૭-૦૫-૦૨ |
| ૧૮ | ગામ નમુના નં.૭/૧૨ તથા ૮/અની નકલ | -- |
| ૧૯ | અરજદારનુ આધારકાર્ડ | -- |
| ૨૦ | ગુમ થયેલ અરવિંદભાઇના પુત્રી કાજલબેનનુ સમંતી અંગેનુ સોગંદનામુ | -- |

**૩.3.** વાદીએ ઉપર મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કર્યા બાદ વધુ કોઇ પુરાવા રજુ કરવા નથી તે મતલબની પુરશીષ આંક–૨૪ થી તા.૧૫–૧૦–૨૦૨૫ ના રોજ રજુ કરેલ છે.

**૪.** વાદી તરફે પુરાવો પુર્ણ થયા બાદ, સદરહુ કામ પ્રતિવાદીના પુરાવા માટે મુકવામા આવેલ પરંતુ પ્રતિવાદી કે તેમના વિ.વ.શ્રી હાજર રહી કોઇ રીપોર્ટ કે રજુઆત કરેલ ન હોય પ્રતિવાદીના પુરાવાનો હકક તા.૧૩–૦૩–૨૦૨૬ ના રોજ બંધ કરવામા આવેલ છે.

**૫.** વાદી તરફે દાવા અરજીની હકીકતે દલીલો રજુ રાખેલ છે જયારે પ્રતિવાદી દલીલના તબકકે ગેરહાજર રહેલ હોય પ્રતિવાદીની દલીલનો હકક બંધ કરવામા આવેલ છે.

**૬.** બંન્ને પક્ષોના પક્ષ નિવેદનને ધ્યાને લઇ દસમા એડી.સીનીયર સીવીલ જજ સાહેબશ્રી નાઓએ દાવાના ન્યાયિક નિર્ણય માટે આંક–૦૭ થી તા.૩૧–૦૧–૨૦૨૪ ના રોજ નીચે મુજબના મુદ્દાઓ કાઢેલ છે.

**–: <u>મુદ્દાઓ</u> :–**

1. Whether the plaintiff proves that his uncle Arvindbhai Mohanbhai kambad was missing on Dt–11–05–2010 ?
2. Whether the plaintiff proves that he bonafidely tried to search the where about of his uncle Arvindbhai mohanbhai kambad, who was missing on Dt.11–05–2010 to till date ?
3. Whether the claim of the plaintiff is fit under the realm of section 108 of indian Evidence act ?

4. Whether the plaintiff is entitled to get relief as prayed for ?
5. What order and Decree ?

**૬.૧.** ઉપરોક્ત મુદ્દાઓના ન્યાયિક કારણો તથા તારણો નીચે મુજબ છે.

૧. "હકારમા"

૨. "હકારમાં"

૩. "હકારમાં"

૪. "હકારમાં"

૫. આખરી હુકમ મુજબ

## <u>કારણો</u> :–

**૭.** ઉપરોકત મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૧ થી ૪ એકબીજા સાથે સંકળાયેલ હોય સદરહુ મુદ્દાઓની તથા તેની સાથે સમાવિષ્ટ પુરાવાઓની, પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી એકસાથે ચર્ચા કરવી જરૂરી જણાય છે. જેથી, મુદ્દા નં.૧ થી ૪ ની સંયુકત ચર્ચા એકસાથે સરળતા ખાતર કરવામા આવેલ છે.

**<u>મુદ્દા નંબર ૧ થી ૪</u> :–**

૮. વાદીએ દાવાઅરજી ની હકીકત પુરવાર કરવા માટે આંક – ૦૯ થી વાદી **કમલેશભાઇ બટુકભાઇ કામ્બડ** નાઓએ સરતપાસનુ સોગંદનામું રજુ કરેલ છે. વાદીએ પોતાની સોગંધ ઉપર ની સરતપાસમાં દાવા ની હકીકત દોહરાવી એવો પુરાવો આપે છે કે, વાદી ગુમ થનાર **અરવિંદભાઇ મોહનભાઇ કામ્બડ** ના આડીલીટીના વારસ **ભત્રીજા** થાય છે. વાદીના કાકા અરવિંદભાઇ

મોહનભાઇ કામ્બડ તા.૧૧–૦૫–૨૦૧૦ ના રોજ તેઓના ઘરેથી નીકળી આંટો મારવા નીકળ્યા હતા પરંતુ લાંબા સમય સુધી ઘરે પરત ન આવતા તેઓએ તેમના સગા સબંધીઓમા ખુબ જ તપાસ કરી તો પણ આજદિન સુધી મળી આવેલ નથી તેઓના કાકા ગુમ થયાની જે તે સમયે તેઓ અરજદારના પિતા સ્વ.બટુકભાઇ મોહનભાઇ પરમાર ધ્વારા એ–ડીવીઝન(નીલમબાગ) પો.સ્ટેમા ફરીયાદ તા.૩૧–૦૫–૨૦૧૦ ના રોજ લખાવેલ તેની નોંધ સ્ટેશન ડાયરીમાં ૧૦/૨૦૧૦ થી પડેલ છે અને તેમના કાકા અરવિંદભાઇ મોહનભાઇ કામ્બડ લાપતા છે તેવી જાણ કરેલ અને ત્યારબાદ પોલીસે પણ તેની રીતે તપાસ કરેલી છે તેમ છતા આજદિન સુધી શોધ કરવા છતા મળી આવેલ નથી. વાદીએ પોતાની સોગંદપરની સરતપાસમાં રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓને રીફર કરી તે દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેવા અરજ વિનંતી કરેલ છે.

૯. વાદીએ દાવા અરજી ની હકીકત પુરવાર કરવા માટે આંક – ૧૨ થી વાદી સાહેદ કાજલબેન અરવિંદભાઇ કાંબડ તે પ્રવિણભાઇ વાધેલાના પત્ની નાઓએ સંમતી અંગેનુ સોગંદનામું રજુ કરેલ છે. વાદી સાહેદે પોતાની સોગંધ ઉપર દાવા ની હકીકત દોહરાવી એવો પુરાવો આપે છે કે, ગુમ થનાર અરવિંદભાઇ મોહનભાઇ કામ્બડ તેણીના પિતા થાય છે અને તેઓ ગુમ થયા અંગેની ફરીયાદ તેમના કાકા ગુજ.બટુકભાઇ મોહનભાઇ કામ્બડે એ–ડીવી.(નીલમબાગ) પો.સ્ટેમા તા.૩૧–૦૫–૨૦૧૦ ના રોજ ગુમ રજી. નં.૧૦/૨૦૧૦ થી રજીસ્ટરે લેવામા આવેલ છે અને આ રીતે તેમના પિતા

અરવિંદભાઇ મોહનભાઇ કામ્બડ લાપતા છે તેવી જાણ તેઓએ કરેલ છે. તેમ છતા આજદીન સુધી શોધખોળ કરવા છતા મળી આવેલ નહી હોવાનો પુરાવો આપેલ છે. તેમના પિતાને મૃત જાહેર કરવા તેમના પિતરાઇ ભાઇ કમલેશભાઇ બટુકભાઇ કામ્બડે હાલનો દાવો કરેલ છે જે તેઓને જાણ છે અને તેણીના પિતાને મૃત જાહેર કરતુ હુકમનામુ આપવામા આવે તેમા તેમની સંમતી હોવાનુ જણાવેલ છે.

**૧૦.** વાદીનો પુરાવો પુર્ણ થયા બાદ પ્રતિવાદી તરફે કોઇ જ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ નથી જેથી પ્રતિવાદીના પુરાવાનો હકક બંધ કરવામા આવેલ છે.

**૧૧.** વાદી તરફે વધુમા દલીલ છે કે, વાદીના કાકા અરવિંદભાઇ મોહનભાઇ કામ્બડ તા.૧૧–૦૫–૨૦૧૦ ના રોજ ભાવનગર વડવા મુકામે ઘરેથી બહાર આંટો મારવા નીકળી ગુમ થયેલ હોય તથા તેઓને પુરતા પ્રયત્ન કરવા છતા મળી આવેલ નથી. આશરે ૧૧ વર્ષ જેટલા લાંબા સમયગાળા દરમ્યાન તેઓ હયાત હોય તેવો કોઇ પુરાવો મળી આવેલ ન હોય આથી અરવિંદભાઇ મોહનભાઇ કાંમ્બડને મૃત જાહેર કરી આપતુ વિજ્ઞાપન કરી આપવા આ કામના પ્રતિવાદી ભાવનગર મહાનગર પાલીકા ના જન્મ–મરણ નોંધણી અધિકારી/રજીસ્ટ્રારશ્રી હુકમના આધારે મરણની નોંધ કરી આપી મરણનો દાખલો કાઢી આપે તે મતલબનો આદેશાત્મક હુકમ મેળવવા વાદીને હાલનો દાવો કરવા માટેનુ કારણ ઉત્પન્ન થતા વાદીએ દાવા અરજીમાં માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર હોવાની દલીલ કરેલ છે.

**૧૨.** વાદી તરફે રજૂ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લીધા. વાદીના વિદ્ધાન વકીલશ્રીની લંબાણપૂર્વકની દલીલો ધ્યાને લીધી. વાદીની દાવા ની હકીકત મુજબ અરવિંદભાઇ મોહનભાઇ કામ્બડ વાદીના કાકા થાય છે, અને તેઓ તારીખ ૧૧–૦૫–૨૦૧૦ ના રોજ વડવા, ભાવનગર મુકામેથી બહાર આટો મારવા નીકળેલ પરંતુ ઘરે પરત પહોંચેલ નથી. જેથી, વાદી તથા તેમના સગા વ્હાલા દ્વારા શોધખોળ કરવા છતાં આજદિન સુધી મળી આવેલ નથી. વાદીના કાકા તેમની સાથે રહેતા હોય ભાવનગર જીલ્લા અને તાલુકાના ગામ ભુતેશ્વર ખાતે ખાતા નં–૫૬ થી નોંધાયેલ રેવન્યુ સર્વે નં–૨૫ પૈકી ૩ તથા ૨૬/૧ પૈકી ૨ વાળી ખેતીની જમીનમાં મિલકતમા તેમનુ નામ વારસાઇ હકકેથી સામેલ હોય તથા કાકાની ઘણી શોધખોળ કરવા છતા અંતે મળી આવેલ ન હોય મિલકતમાં વારસાઇ કરવા તેમના ઉપરોકત નામવાળા કાકાના મરણના દાખલાની જરૂરીયાત છે જેથી વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે.

**૧૨.૧.** વાદી તરફે પુરાવા માં વાદીનુ સરતપાસ નું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે. જેમાં, વાદીએ ગુમ થનાર અરવિંદભાઇ મોહનભાઇ કામ્બડના ભત્રીજા થતા હોવાનુ  તથા ગુમ થનાર અરવિંદભાઇ મોહનભાઇ કામ્બડના પિતા મોહનભાઇ શામજીભાઇ તથા ગુમ થનાર અરવિંદભાઇના દાદી રાજુબેનના સંયુકત નામે ભાવનગર જીલ્લા અને તાલુકાના ગામ ભુતેશ્વર ખાતે ખાતા નં–૫૬ થી નોંધાયેલ રેવન્યુ સર્વે નં–૨૫ પૈકી ૩ તથા ૨૬/૧ પૈકી ૨ વાળી ખેતીની જમીન આવેલ હોય તેઓના સીધીલીટીના વારસદાર

દરજજે ગુમ થનાર અરવિંદભાઈ મોહનભાઈ કામ્બડનુ નામ વારસાઈ હકકે સમાયેલુ હોવા અંગે અંગેનો પુરાવો આપેલ છે. વધુમાં એવો પણ પુરાવો આપેલ છે કે, ગુમ થનાર અરવિંદભાઈ મોહનભાઈ કામ્બડ તા.૧૧–૦૫–૨૦૧૦ ના રોજ વાદીના ઘરે વડવા, પાનવાડી રોડ પરથી બહાર આંટો મારવા જવા નીકળેલ હતા અને ઘરે પરત આવેલ નથી. વાદી અને તેમના સગા વહાલાઓએ શોધખોળ કરવા છતાં આજદિન સુધી ગુમ થનાર અરવિંદભાઈ મોહનભાઈ કામ્બડ મળી આવેલ નથી, એવું પણ મૌખિક પુરાવામાં જણાવેલ છે.

**૧૨.૨.** વાદી તરફે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા, એ–ડીવીઝન(નીલમબાગ)પોલીસ સ્ટેશન ના જાણવા જોગ નંબર ૧૦ / ૨૦૧૦ તા.૩૧–૧૦–૨૦૧૦ ના રોજ વાદીના પિતા ગુજ.બટુકભાઈ મોહનભાઈ કામ્બડે ફરિયાદ આપેલી, જે ફરીયાદ તેમના ભાઈ ગુમ થનાર અરવિંદભાઈ મોહનભાઈ કામ્બડ તા.૧૧–૦૫–૨૦૧૦ ના રોજ વડવા પાનવાડીથી બહાર આંટો મારવા જવા નીકળેલ પરંતુ પરત ઘરે પહોંચેલ ન હોય ગુમ થયેલાની ફરીયાદ નોંધાવેલ છે. જે એ–ડીવી.(નીલમબાગ) પોલીસ ધ્વારા ગુમ થનાર અરવિંદભાઈ મોહનભાઈ કામ્બડ તા.૧૧–૦૫–૨૦૧૦ ના રોજ ઘરની બહાર આંટો મારવા જવા નીકળેલ પરંતુ આજ દિન સુધી તપાસ કરતા મળી આવેલ નહીં, જે રજીસ્ટર એ ખાતરી કરી દાખલો આપેલ છે, તે દાખલાની નકલ રજુ કરેલ છે. વધુમાં, આ કામે વાદીના કાકા અરવિંદભાઈ મોહનભાઈ કામ્બડ ગુમ થયા અંગે સમાચારમા પ્રેસ નોટ જાહેર થયેલ છે.

દાવા સંદર્ભે પ્રતિવાદી દ્વારા કોઈ મૌખિક પુરાવો રજૂ કરવામાં આવેલ નથી કે વાદી દ્વારા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજી પુરાવાઓને પડકારવામાં આવ્યો નથી, તેવા સંજોગોમાં, ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૦૭ તથા કલમ–૧૦૮ ની જોગવાઇ મુજબ સ્પેસિફિક રિલીફ એક્ટ ની કલમ–૩૪ ની જોગવાઈ મુજબ વાદી દાવા અરજી માં માગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે કે કેમ તે અંગે ન્યાયિક નિર્ણય કરતા અગાઉ ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૦૭ તથા કલમ–૧૦૮ તથા સ્પેસિફિક રિલીફ એક્ટ ની કલમ–૩૪ વંચાણે લેવી જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.,

**૧૨.૩.** <u>ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૦૭</u>.

**<u>Sec.-107</u> : <u>BURDEN OF PROVING DEATH OF PERSON KNOWN TO HAVE BEEN ALIVE WITHIN THIRTY YEARS</u>**

When the question is whether a man is alive or dead, and it is shown that he was alive within thirty years, the burden of ૨ proving that he is dead is on the person who affirms it.

**૧૨.૪.** <u>ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ ૧૦૮</u>.

**<u>Sec.-108</u> : <u>BURDEN OF PROVING THAT PERSON IS ALIVE WHO HAS NOT BEEN HEARD OF FOR SEVEN YEARS</u>**

1[Provided that when] the question is whether a man is alive or dead, and it is proved that he has not been heard of

for seven years by those who would naturally have heard of him if he had been alive, the burden of proving that he is alive is 2[shifted to] the person who affirms it.

**૧૨.૫.** <u>સ્પેસિફિક રિલીફ એક્ટ કલમ–૩૪ નીચે મુજબ છે</u>**. :–**

**<u>Sec. 34</u> : <u>Discretion of court as to declaration of status or right.</u>**—Any person entitled to any legal character, or to any right as to any property, may institute a suit against any person denying, or interested to deny, his title to such character or right, and the court may in its discretion make therein a declaration that he is so entitled, and the plaintiff need not in such suit ask for any further relief: Provided that no court shall make any such declaration where the plaintiff, being able to seek further relief than a mere declaration of title, omits to do so. Explanation.—A trustee of property is a “person interested to deny” a title adverse to the title of some one who is not in existence, and whom, if in existence, he would be a trustee.

**૧૨.૬.** ઉપરોક્ત જોગવાઈઓ વંચાણે લેતા સ્પેસિફિક રિલીફ એક્ટ ની કલમ–૩૪ ની જોગવાઈ ધ્યાને લેતા સ્પેસિફિક રિલીફ એક્ટ ની કલમ–૩૪ વ્યક્તિના દરજ્જા અથવા હક્ક વિશેના જ્ઞાપન ની જોગવાઈ કરેલ છે. કલમ–૩૪ વંચાણે લેતા આવા જ્ઞાપનની દાદ આપવી તે કોર્ટની વિવેકબુદ્ધિ ની સત્તા છે. કલમ–૩૪ ની જોગવાઈ વંચાણે લેતા એ હકીકત પણ સ્પષ્ટ બને છે કે, કલમ–૩૪ મુજબનો દાવો ત્યારે જ દાખલ કરી શકાય, જ્યારે કોઈ વ્યક્તિ ના દરજજા કે હક્ક વિશે ઈનકાર કરવામાં આવેલ હોય અથવા તકરાર લેવામાં

આવેલ હોય. હાલના દાવામાં પણ પ્રતિવાદી જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી ભાવનગર મહાનગર પાલીકા, ભાવનગર છે. વાદી એ હાલના દાવામાં પ્રતિવાદી મરણની નોંધ કરી મરણનો દાખલો કાઢી આપે તેવી દાદ તથા ગુમ થનાર અરવિંદભાઈ મોહનભાઈ કામ્બડ છેલ્લા ૧૧ વર્ષ ઉપરાંતથી ગુમ થયેલ હોય કાયદાની પરિભાષા માં મૃત્યુ થયેલ હોવાનું જાહેર કરી તે મતલબનુ હુકમનામું કરી આપવા દાદ ની માગણી કરેલ છે. સ્પેસિફિક રિલીફ એક્ટ ની કલમ–૩૪ ની જોગવાઈ ને ધ્યાને, લેતા કોઈ વ્યક્તિ ના દરજ્જા કે હક્ક વિશે દાવો દાખલ કરી દાદ માંગી શકાય છે. પરંતુ આ માટે કોઈ વ્યક્તિ ના દરજ્જા કે હક્ક વિશે ઇનકાર કરવામાં આવેલ હોય અગર તો પ્રતિકાર કરવામાં આવેલ હોય, તો જ સ્પેસિફિક રિલીફ એક્ટ ની કલમ–૩૪ ની જોગવાઈ મુજબ દાખલ કરી સંલગ્ન દાદ ની માગણી કરી શકાય છે. જો કોઈ વ્યક્તિ દ્વારા પ્રતિકાર કરવામાં ન આવે તો કલમ–૩૪ મુજબનો દાવો ટકવાપાત્ર નથી, તેવુ આ કોર્ટ નું માનવું છે.

**૧૩.** હાલના દાવામાં વાદીના કાકા ગુમ થનાર અરવિંદભાઈ મોહનભાઈ કામ્બડ તા.૧૧–૦૫–૨૦૨૬ થી લાપતા છે. રજુ કરવામા આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા એ હકીકત સ્પષ્ટ છે કે, વાદી તથા તેમના કુટુંબીજનો દ્વારા ગુમ થનાર અરવિંદભાઈ મોહનભાઈ કામ્બડ નાઓ ની શોધખોળ કરવા છતાં કોઈ ભાળ મળી આવેલ નથી. તે હકીકતને ધ્યાને લેતા, ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૦૭ તથા કલમ–૧૦૮ ની જોગવાઈ સાથે સ્પેસિફિક રિલીફ એક્ટ ની કલમ–૩૪ ની જોગવાઈ વંચાણે

લેતા, વાદી નો દાવો ટકવા પાત્ર છે કે કેમ તે અંગે નામદાર ઉચ્ચકોર્ટોના ચુકાદાઓ વંચાણે લેવું જરૂરી છે, જે નીચે મુજબ છે.

**૧૩.૧.** ૨૦૦૪(૨) સુપ્રીમ પાના નંબર ૭૦૯ માં પ્રસિદ્ધ થયેલ એલ.આઇ.સી. ઓફ ઈન્ડિયા વિરુદ્ધ અનુરાધા ના ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૦૭ તથા કલમ–૧૦૮ ની છણાવટ કરી, સદરહુ ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે કે,...

> "Evidence Act, 1872-Sections 107 and 108. Only inference permissible on the presumption is that the man was dead at the time when question arose subject to a period of 7 years absence and being unheard of having elapsed. Onus of proving that death had taken place at any given point of time or date since the disappearance or within the period of 7 years would lie on person who stated the claim. Life insurance policy by husband of respondent was taken in 1986 and then insured was alleged not heard and seen since July 1988. Claim lodged with appellant insurance Corporation in 1996 was repudiated on ground that for non-payment of premium policy lapsed. L.I.C. was justified in turning down claim by plea that policies had lapsed."

**૧૩.૨.** ૨૦૦૨(૧) સુપ્રીમ પાના નંબર ૩૬માં પ્રસિદ્ધ થયેલ દર્શનસિંઘ અને બીજાઓ વિરુદ્ધ ગુર્જરસિંઘ વતી તેના વારસદારો અને બીજાઓ નો નામદાર સુપ્રીમ કોર્ટ નો ચુકાદો વંચાણે લેતા નામદાર સુપ્રીમ કોર્ટે સદરહુ ચુકાદામાં ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૦૭ તથા કલમ–૧૦૮

વંચાણે લઈ નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે કે,...

> "Evidence Act, 1872-Sections 107 and 108. Burden of proof regarding death of a person-Plaintiff claiming succession to the estate of one Jagjit Singh being dead-Burden lies on plaintiff regarding proof of date of death of Jagjit Singh-High Court holding that as Jagjit Singh was not heard for more than 7 years, therefore, the date of filing of the present suit would be considered as date of death of Jagjit Singh-Whether maintainable in law? (No)."

**૧૩.૩.** ૧૯૮૨(૦) સુપ્રીમ (ગુજરાત) પાના નંબર ૧૫૨ માં પ્રસિદ્ધ થયેલ વર્ધા ભાઈ ગોરધનભાઈ વિરુદ્ધ ગંગાબેન તે મોહનભાઈ ગોરધનભાઈ ની દીકરી ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ચુકાદાના પેરા–૩ માં ઠરાવેલ છે કે,...

> "Now for this purpose so far as Indian Evidence Act is concerned. Two sections are required to be read together and they are secs. 107 and 108. They are reproduced as under:"107. When the question is whether a man is alive or dead and it is shown that he was alive within thirty years the burden of proving that he is dead is on the person who affirms it. 108. (Provided that when) the question is whether a man is alive or dead and it is proved that he has not been heard of for a seven years by those who would naturally have heard of him if he had been alive the burden of proving that he is alive is (shifted to) the person who affirms it."

**૧૩.૪.** ૨૦૦૮(૦) સુપ્રીમ (મદ્રાસ) પાના નંબર ૫૩૪ માં પ્રસિદ્ધ થયેલ કે. શ્રીનિવાસન વિરુદ્ધ ધી રિજિયોનલ મેનેજર લાઇફ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન સાધન ઝોનલ ઓફિસ ચેન્નાઈ અને બીજાઓ ના ચુકાદામાં નામદાર મદ્રાસ હાઈકોર્ટે ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૦૭ તથા કલમ–૧૦૮ ની છણાવટ કરી સદરહુ ચુકાદાના પેરા–૫ માં ઠરાવેલ છે કે,...

> "Section 107 deals with the presumption of continuation of life, whereas Section 108 deals with the presumption of death. Section 108 enacts a proviso to Section 107 by specifying that when a person was continuously absent for seven years and he was not heard by his friends and neighbours he may be presumed to have died and the burden of proving that he is alive shifts on the person that he is alive. The presumption of continuance of life under Section 107 ceases at the expiration of seven years from the period when the person in question was last heard of. The presumption under Section 107 will apply when the question is whether a person was alive or dead and not where the question is whether the person was alive or dead on a particular date."

**૧૩.૫.** ૨૦૧૮ જી. આઈ. જે. ઇ.એલ. (હાઈકોર્ટ) ૨૩૯ ૭૧૪ માં પ્રસિદ્ધ થયેલ સુશીલાબેન પ્રભાશંકર ધ્રુવ વિરુદ્ધ કલેકટર, અમદાવાદના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૦૭ તથા કલમ–૧૦૮ ની છણાવટ કરી સદરહું ચુકાદાના પેરા–૨૪ માં ઠરાવેલ છે

કે,...

> “I am unable to agree with you taken by the trial court that in the absence of an  F.I.R. for any police investigation for police record for in absence of any public notice,  the presumption under section-108 of the death cannot be drawn.  I am saying so,  because section-108 of the Evidence Act does not provide any particular procedure to be followed for the presumption of death.  in view of the presumption of continuance of life it was thought necessary to provide for the counter presumption whether a person's death would seem more likely from the nature and circumstances of the case then the continuance  of life. in such circumstances where person is continually absent from home for a period of 7 years on hard of by percent none other than his own family members, who would have naturally received intelligence from him he is presumed to be dead. it is a rebuttable presumption the defendant in the present case as not a period and contested the shoot the defendant has failed to revert the presumption by leading any evidence the presumption is embodied in section-108 which is a proviso to Section-107 if a case comes within the four corners of section 188 it is taken out of section 107.”

**૧૪.** ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૦૭ તથા કલમ–૧૦૮ સાથે સ્પેસિફિક રિલીફ એક્ટ ની કલમ–૩૪ ની જોગવાઈ ધ્યાને લેતા, વાદીના કાકા તા.૧૧–૦૫–૨૦૧૦ ના રોજ થી લાપતા થયેલ છે.

ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૦૮ ની જોગવાઈ તથા નામદાર ઉચ્ચકોર્ટોના ચુકાદો પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને ધ્યાને લેતા, વાદીના કાકા લાપતા થયા તા.૧૧–૦૫–૨૦૧૦ ના રોજ ગુમ થનાર અરવિંદભાઈ મોહનભાઈ કામ્બડ નાઓનું સિવિલ ડેથ થયેલ હોવાનું માની શકાય નહીં, પરંતુ; દાવો દાખલ કર્યાના સાત વર્ષ અગાઉ થી ગુમ થનાર અરવિંદભાઈ મોહનભાઈ કામ્બડ નાઓની ભાળ થયેલ ન હોય તેવા સંજોગોમાં, ગુમ થનાર અરવિંદભાઈ મોહનભાઈ કામ્બડ સિવિલ ડેથ થયેલ હોવાનું અનુમાન કરવું જોઈએ, તેવું આ કોર્ટનું માનવું છે. આમ, ઉપર મુજબની ચર્ચાના આધારે **મુદ્દા નંબર–૧ થી ૩ વાદીની તરફેણમાં હકારમાં** ઠરાવવામાં આવે છે.

**મુદ્દા નંબર ૪ :–**

**૧૫.** ઉપર મુદ્દા નંબર–૧ થી મુદ્દા નંબર–૩ માં ચર્ચા કરી તે મુજબ **મુદ્દા નંબર–૧ થી મુદ્દા નંબર–૩ વાદીની તરફેણમાં "હકારમાં"** ઠરાવેલ હોય, મુદ્દા નંબર–૪ અંગે વાદી ની દાવા અરજી માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર બને છે. જેથી, **મુદ્દા નંબર ૪ વાદીની તરફેણમાં હકારમા ઠરાવવામાં** આવે છે અને મુદ્દા નંબર–૫ અંગે નીચે મુજબ નો આખરી હુકમ ન્યાયના હિતમાં કરવામાં આવે છે.

**– : હુકમ : –**

- વાદી નો દાવો મંજૂર કરવામાં આવે છે.
- ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૦૮ ની જોગવાઈ મુજબ ગુમ થનાર અરવિંદભાઈ મોહનભાઈ કામ્બડ છેલ્લા સાત વર્ષ ઉપરાંતથી કોઈ ભાળ મળી આવેલ ન હોય સિવિલ ડેથ થયેલ હોવાનુ ઠરાવવામાં

આવે છે.

- પ્રતિવાદીએ ગુમ થનાર અરવિંદભાઇ મોહનભાઇ કામ્બડ નાઓની મરણ અંગેની નોંધ કરી, મરણ નો દાખલો કાયદા ની જોગવાઇ મુજબની પ્રક્રિયા અનુસરી દાખલો કાઢી આપવાનો હુકમ કરવામાં આવે છે.
- પક્ષકારોએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.
- હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા.૧૮ માહે–એપ્રિલ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૮–૦૪–૨૦૨૬
સ્થળ : ભાવનગર.

(મયુર ડી.બ્રહભટ્ટ)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ
ભાવનગર
**CODE GJ01008**

એ.બી.મકવાણા,